**<u>રે.દી.મુ.નં.૨૧/૨૦૨૩</u>**

**–:<u>આંક–પ લગત હુકમઃ</u>–**

**(૧)** વાદીની હાલની આંક–પ ની અરજીની તથા તેનો પ્રતિવાદી તરફે આંક–૧૩ થી રજૂ કરેલ જવાબ વંચાણે લીધા.

**(૨)** વાદીઓએ તેઓની હાલની અરજીના સમર્થનમાં માર્ક ૪/૧ થી ૪/૩પ સુધીના દસ્તાવેજો રજૂ કરેલ છે. જે વંચાણે લઇ, ધ્યાને લીધેલ છે.

**(૩)** ત્યારબાદ આ કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે હાલની આંક–પ ની મનાઇ હુકમની અરજી સબંધે મૌખિક દલીલો કરવામાં આવેલ હોય જે ધ્યાને લીધેલ છે.

**(૪)** વાદીઓ તરફે રજૂ થયેલ માર્ક–૪/૧ થી ૪/૩પ સુધીના દસ્તાવેજો, પક્ષકારોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો તથા તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: **<u>મુદ્દાં</u>** ::–

(૧) શું વાદીની અરજી મંજુર થવાપાત્ર છે ?

(૨) શું હુકમ ?

**(૪.૧ )** ઉપરોકત મુદ્દાં પરત્વેનાં મારા નિર્ણયો તથા તે પરત્વેના મારા કારણો હું નીચે મુજબ આપું છું.:–

–:: **<u>નિ ર્ણ યો</u>** .

(૧) નકારમા.

(૨) છેવટના હુકમ મુજબ.

**:<u>કારણો</u>:**

**<u>મુદ્દા નં.૧ અને ૨</u>**

(૫) એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજી થી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે,જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે.આમ છતા , આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતો ને ધ્યાને લેવાના રહે છે. એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ધ્વારા તેનો ગેરકાયદેસર રીતે થતો ભંગ **પ્રથમ દર્શનિય** રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો **પ્રથમ દર્શનિય કેસ** પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમ દર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે **સગવડતાની સમતુલા** કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને **નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા** સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ધ્યાનમા રાખવી જરૂરી બનેછે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ધ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બનેછે. એ પણ સ્થાપિત છે કે, ઉપરોકત પૈકી કોઈપણ એક તત્વ ની ગેરહાજરી મા પણ સમન્યાયની દાદ આપી શકાય નહી. એ પણ સ્વીકૃત છે કે, અદાલત સમક્ષ શુધ્ધબુધ્ધિપુર્વક કે ચોખ્ખા હાથે ન આવનાર તેમજ મહત્વની હકીકતો છુપાવનાર પક્ષકાર આવી દાદ મેળવવા **અપાત્ર** બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરુ છું.

(૬) હવે ઉપરોકત સિધ્ધાતો ધ્યાને રાખી આ કામે વાદીઓની હાલની મનાઈ અરજી મુજબ વાદીઓ તેમનો પ્રથમ દર્શનિય કેસ,સગવડતાની સમતુલાનુ પલ્લુ તેમની તરફેણમા હોવાનુ કે વાદીઓને નાણામા ન માપી શકાય તેવુ નુકશાન થાય તેમ હોવાના મનાઈ અરજીના ત્રણેય તત્વો પુરવાર કરી શકે છે કે કેમ. તે બાબતે સમગ્ર રેકર્ડ ઉપરનો પુરાવો જોઈએ તો, વાદીઓએ હાલનો દાવો વાદી નં.૧ ના સર્વે નં.૪૬૭/૩ ની જમીન આવેલ હોય અને સદરહું જમીનમાં પુર્વ પશ્ચિમ ભાગ પડતા તેઓ વાદીઓની સદરહું જમીનમાં આવવા જવા માટે સર્વે નં.૪૬૭/પૈકી ૧ તથા સર્વે નં.૪૬૭/પૈકી ૫ તથા સર્વે નં.૪૬૭/પૈકી ૨ માં પશ્ચિમ શેઢે ઉથરથી દક્ષિણ તરફ કૃષ્ણનગર જતા રસ્તામાંથી પ્રતિવાદીના ખેતરમાંથી વાયવ્ય ખુણામાં વળાંકી ઉતરથી દક્ષિણ તરફ પ્રતિવાદીના ખેતરના પશ્ચિમ શેઢે ૧૨ ફુંટ પહોળાઇનો સળંગ ગાડામાર્ગ સીધો વાદી નં. ૨, ૩ ના ખેતરમાં આવેલ હોવાનું અને આ રસ્તો તેમના હિસ્સાવાળા ખેતરમાંથી થઇ વાદી નં.૧ ના ખેતર સુધી જાય છે. તે રસ્તે આ કામના પ્રતિવાદીએ ગોડાઉન અને મકાન બનાવી દીધેલ છે અને સદર ગોડાઉન બનેલ તે સમયે પ્રતિવાદીઓએ તે ગોડાઉનની બાજુમાં થઇ વાદીઓને ચાલવાનું જણાવેલ પરંતુ ત્યારબાદ પ્રતિવાદીઓએ વાદીઓને ચાલવાની ના પાડતા વાદીઓએ હાલનો દાવો કરી આ કામના પ્રતિવાદીના સર્વે નં.૪૬૭/પૈકી ૧, સર્વે નં. ૪૬૭/પૈકી ૫ તથા સર્વે નં.૪૬૭/પૈકી ૨ ના પશ્ચિમ શેઢે દક્ષિણથી ઉતર તરફ જતો અને વાયવ્ય ખુણે વળાંકી વાદીઓના ખેતરમાં જતો રસ્તામાં કોઇપણ જાતની અડચણ અટકાયત કે અવરોધ કરવાનો હકક અધિકાર નથી તથા આ રસ્તો વાદીઓનો કાયદેસરનો રસ્તો છે તેવું ઠરાવી આપવા તેમજ પ્રતિવાદીઓએ રસ્તામાં ગોડાઉન તથા મકાન બનાવી દીધેલા છે તે પોતાના ખર્ચે ઉપાડી લઇ રસ્તો હતો તેમ પુર્વવર્ત કરી આપે તેવો આદેશાત્મક મનાઇ હુકમ મેળવવા તથા આ રસ્તેથી પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકસો, એજન્ટો કુલમુખત્યારો વાદીઓને ચાલતા ખેતી વિષયક સાધનો લાવવા લઇ જતા કે ખેત ઉપજ લઇ જતા કોઇપણ પ્રકારની અડચણ, અટકાયત કે અવરોધ કરે નહિ કે રસ્તામાં કોઇ ફેરફાર કરે નહિ તેવો કાયમી મનાઇ હુકમ મેળવવા દાદ માંગેલ છે અને તેની સાથે હાલની અરજી રજૂ કરી હાલની અરજીમાં પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો, કુલમુખત્યારો વાદીઓને દાવાવાળા રસ્તેથી ચાલતા ખેતી વિષયક સાધનો લાવવા

લઈ જતા કે ખેત ઉપજ લઈ જતા કોઈપણ પ્રકારની અડચણ, અટકાયત કે અવરોધ કરે નહિ કે રસ્તામાં કોઈ ફેરફાર કરે નહિ તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા તેમજ પ્રતિવાદીઓ રસ્તામાં ગોડાઉન તથા મકાન બનાવી લીધેલ છે તે પોતાના ખર્ચે ઉપાડી લઈ, રસ્તો હતો તેમ પુર્વવર્ત કરી આપે તેવો આદેશાત્મક મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

(૭) આમ, ઉપરોક્ત વાદીઓની દાવા અરજી તથા રેકર્ડ ધ્યાને લેતા, વાદીઓએ તેઓની દાવા અરજીમાં તેઓએ હાલનો તકરારી રસ્તો આવેલ છે તે સિવાય અન્ય કોઈ રસ્તે તેઓના ખેતરમાં આવવા જવા માટેનો આવેલ ન હોવાનું જણાવેલ છે. જેથી તે જોતા વાદીઓ હાલની મનાઈ હુકમની દાદ મેળવવા માટે પ્રથમ દર્શનિય રીતે તેઓનો વાદગ્રસ્ત રસ્તા સિવાય અન્ય કોઈ રસ્તો આવેલ ન હોવાનું પુરવાર કરવું પડે. જો વાદીઓ તે હકીકત પુરવાર કરે તો તેઓ સમન્યાયની દાદ મેળવવા હકકદાર બને છે. વધુમાં હાલની અરજી સાથે વાદીઓ તરફે જે દસ્તાવેજો રજૂ કરેલ છે જેમાં માર્ક–૪/૧ થી મામલતદારશ્રીને કરેલ અરજી અને મામલતદારશ્રીએ વાદીઓને આપેલ જવાબ રજૂ કરેલ છે. જેમાં સદર દાવાવાળો રસ્તેનો વાદીઓએ છેલ્લે એક વર્ષથી ઉપયોગ કરેલ નથી તેવું જણાવેલ તથા તેની સાથે માર્ક–૪/૨ નો સર્કલ ઓફીસરશ્રી, કેશોદનાએ મામલતદારશ્રીને કરેલ રિપોર્ટ ધ્યાને લેતા, સર્કલ ઓફીસરશ્રીએ તેઓના રિપોર્ટમાં વાદીઓના ખેતરમાં પશ્ચિમ બાજુ અન્ય એક વૈકલ્પિક રસ્તો આવેલ છે. જેનો વાદીઓ હાલ ઉપયોગ કરે છે અને તે મુજબનો રિપોર્ટ કરેલ છે. તેજ રીતે વાદીઓ તરફે માર્ક–૪/૩ થી સર્કલ ઓફીસરશ્રીએ તેમની રૂબરૂ કરેલ પંચ–રોજકામ રજૂ કરેલ છે. જે પંચ–રોજકામ ધ્યાને લેતા, તેમાં પણ વાદીઓના ખેતરમાંથી પશ્ચિમ બાજુ નૂરઅલી દાઉદભાઈ ડોબરીયાના ખેતરમાં રસ્તો આવેલ છે. જે રસ્તાનો વાદીઓ લાંબા સમયથી ઉપયોગ કરે છે. હાલ પણ વાદીઓ આ રસ્તાનો જ ઉપયોગ કરે છે. હાલ આ સ્થળે ગાડા મારગ જેવો ખુલ્લો રસ્તો આવેલ છે. તેવું પંચ રોજકામમાં પણ સ્પષ્ટ જણાવેલ છે. આમ, સદર માર્ક–૪/૨ તથા માર્ક–૪/૩ ધ્યાને લેતા, વાદીઓને તેઓના ખેતરમા જવા માટે વૈકલ્પિક રસ્તો આવેલ હોવાનું સ્પષ્ટપણે હાલના તબકકે પુરવાર થતું હોય વાદીઓ જે તેઓના દાવામાં તેઓને દાવાવાળા તકરારી રસ્તા સિવાય અન્ય કોઈ

રસ્તો આવેલ ન હોવાનું જણાવે છે તે હકીકત હાલના તબકકે માની શકાય તેમ નથી અને જયારે વાદીઓને તેમના ખેતરમાં આવવા જવા માટે વૈકલ્પિક રસ્તો આવેલ હોવાનું પુરવાર થતું હોય ત્યારે વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ પણ માનવાનો રહેતો નથી.

(૮) આમ, વાદીઓ પ્રથમદર્શનીય રીતે તેમનો કેસની હકીકતો પુરવાર કરી શકેલ ન હોવાનું માનવાનું રહે છે અને જેથી વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. જયારે દાવા મા વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે વાદી એ પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરવો પડે તે અંગે [ ***In case of AIR 2010 SC 296 (Kashi Math Samsthan v. Srimas Sudhindra Thirtha Swamy).*** *"It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trail, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted."*

(૯) આમ ઉપરોકત ચુકાદો વંચાણે લેતા સદરહુ કેસને પણ આ ચુકાદો લાગુ પડેછે. કારણ કે, વાદીઓ તેમનો મે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પ્રાયમાફેસી કેસ હોય તેવુ સાબિત કરી શકેલ નથી.આ એક જ મુદ્દા ઉપર વાદીઓની આ અરજી ગ્રાહય રાખવા પાત્ર બનતી નથી.

(૧૦) વધુમાં, વાદીઓની દાવા અરજીની ૧ થી ૩ દાદ જોઇએ તો, દાદ નં.(૧) આ કામના પ્રતિવાદીના સર્વે નં.૪૬૭/પૈકી ૧, સર્વે નં.૪૬૭/પૈકી ૫ તથા સર્વે નં.૪૬૭/પૈકી ૨ ના પશ્ચિમ શેઢે દક્ષિણથી ઉતર તરફ જતો અને વાયવ્ય ખુણે વળાંકી વાદીઓના ખેતરમાં જતો રસ્તામાં કોઇપણ જાતની અડચણ અટકાયત કે અવરોધ કરવાનો હકક અધિકાર નથી તથા આ રસ્તો વાદીઓનો કાયદેસરનો રસ્તો છે તેવું ઠરાવી આપવા, દાદ નં. (૨) પ્રતિવાદીઓએ રસ્તામાં ગોડાઉન તથા મકાન બનાવી દીધેલા છે તે પોતાના ખર્ચે ઉપાડી લઇ રસ્તો હતો તેમ પુર્વવર્ત કરી આપે તેવો આદેશાત્મક મનાઇ હુકમ મેળવવા તથા દાદ નં.(૩) આ રસ્તેથી પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકસો, એજન્ટો કુલમુખત્યારો વાદીઓને ચાલતા ખેતી વિષયક સાધનો લાવવા લઇ જતા કે ખેત ઉપજ લઇ જતા કોઇપણ પ્રકારની અડચણ, અટકાયત કે અવરોધ કરે નહિ કે રસ્તામાં કોઇ ફેરફાર કરે નહિ તેવો કાયમી મનાઇ હુકમ મેળવવા દાદ માંગેલ છે. વાદીઓની આ દાવાની દાદ સાથે તેમની હાલની આંક-૫ ની અરજીની દાદ જોઇએ તો, તેમાં તેઓએ પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો, કુલમુખત્યારો વાદીઓને દાવાવાળા રસ્તેથી ચાલતા ખેતી વિષયક સાધનો લાવવા લઇ જતા કે ખેત ઉપજ લઇ જતા કોઇપણ પ્રકારની અડચણ, અટકાયત કે અવરોધ કરે નહિ કે રસ્તામાં કોઇ ફેરફાર કરે નહિ તેવો વચગાળાનો મનાઇ હુકમ આપવા તેમજ પ્રતિવાદીઓ રસ્તામાં ગોડાઉન તથા મકાન બનાવી લીધેલ છે તે પોતાના ખર્ચે ઉપાડી લઇ, રસ્તો હતો તેમ પુર્વવર્ત કરી આપે તેવો આદેશાત્મક મનાઇ હુકમ મેળવવા દાદ માંગેલ છે.

આમ, વાદીઓએ દાવા અરજીમાં જે દાદ માંગેલ છે તેવીજ દાદ તેઓએ હાલની આ મનાઇ હુકમની અરજીમાં માંગેલ હોય જેથી આ હાલની મનાઇ અરજીની દાદ વાદીઓને આપવામાં આવે તો પુરાવો લીધા સિવાય જ દાવાનો નિર્ણય આવી જાય તેમ હોય જે હકીકત જોતા પણ વાદીઓની હાલની અરજી મંજુર કરી શકાય તેમ નથી અને હાલની અરજીમાં વાદીઓની કોઇ સગવડતાની સમતુલ્ા સમાયેલી હોય તેવું જણાય આવતું નથી અને વાદીઓએ તેમના ખેતરમાં જવા આવવા માટે વૈકલ્પિક રસ્તો આવેલ હોવાનું દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી પ્રથમદર્શનીય રીતે માનવાનું રહેતું હોય તે જોતા પણ વાદીઓને નાણાંમા આંકી ન શકાય તેવું કોઇ

નુકશાન થતું હોવાનું જણાતું નથી. આમ, સમન્યાયની આ દાદ મેળવવા જરુરી તમામ તત્વો તેમની તરફેણમાં હોવાનું વાદીઓ સાબિત કરી શકતા નથી ત્યારે **મુદાનં ૧** નો જવાબ **નકારમા** ઠરાવી **મુદા નં.૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું.

**:<u>હુકમ</u>:**

**(૧)** વાદીઓની હાલની આંક.૫ ની સી.પી.સી ઓર્ડર–૩૯ રૂલ (૧),(૨) તથા સી.પી.સી.કલમ.૧૫૧ મુજબ ની મનાઈ હુકમ મેળવવાની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

**(૨)** આ અરજી નો ખર્ચ દાવા ના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા.૩૦ મી, માહે જાન્યુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date-30/01/2026
Place- Keshod

(Valjibhai Shamjibhai patel)
Principal Sr.Civil Judge,
Keshod.
(UID : GJ01484).